This Question Paper contains 8 Printed Pages.

| Set No. Of Question Paper | |
|---|---|
| 0 | 1 |

# N-10(G)

**(MARCH, 2011)**

## PART - A

*Time : 75 Minutes]* *[Maximum Marks : 50*

**સૂચનાઓ :-**

(1) નીચે આપેલા **50** હેતુલક્ષી પ્રશ્નો આ ભાગમાં આપ્યા છે જો કે બધા જ ફરજિયાત છે.

(2) નીચે આપેલા પ્રશ્ન નંબર **1** થી **50** સુધી છે. દરેક પ્રશ્ન **1** ગુણનો છે.

(3) આપને અલગ થી આપેલ **O.M.R.** પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) ○, (B) ○, (C) ○, (D) ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○ (વર્તુળ) ને પેન થી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

- **1** થી **50** પ્રશ્નોના નીચે આપેલા **4** જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી, સાચા વિકલ્પનો ક્રમ અક્ષર પર સીટમાં પેન થી ઘટ્ટ કરવું : (પ્રત્યેકનો **1** ગુણ)

**1.** અતિ પ્રાચીન યુગથી ભારતીય પ્રજા પર્યાવરણ પ્રેમી રહી છે, એમ શા પરથી કહી શકાય? તેના ....

(A) દેશ પ્રેમથી (B) વૃક્ષ પ્રેમથી

(C) ઉત્સવ પ્રેમથી (D) કુટુંબ પ્રેમથી

**2.** કઈ પ્રજા ભારતની સૌથી પ્રાચીન નિવાસી છે?

(A) દ્રવિડ (B) આર્મેનોઈડ

(C) નેગ્રીટો (D) ઑસ્ટ્રેલોઈડ

**3.** કયા દેશ માટે 'સૂજલામ્' 'સૂફલામ્' શબ્દો વપરાયા છે?

(A) ચીન (B) ગ્રીસ

(C) મ્યાનમાર (D) ભારત

**4.** પ્રાકૃતિક વારસામાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

(A) સ્તૂપો અને ચૈત્યો (B) મંદિરો, મસ્જિદો

(C) નદીઓ અને વૃક્ષો (D) રાજમહેલો, કિલ્લાઓ

**5.** અકીકના વેપારનું મહત્ત્વનું કેન્દ્ર ગુજરાતમાં કયું છે?

(A) ખંભાત (B) અમદાવાદ

(C) સુરત (D) ડીસા



www.questionpaperz.in
Unfold Every Question

**6.** મોહેં-જો-દડો શહેરના રસ્તાઓની પહોળાઈ કેટલી હતી?
(A) 12 મીટર (B) 8.40 મીટર
(C) 9.75 મીટર (D) 8 મીટર

**7.** 'ત્રિમૂર્તિ' નામની ભવ્ય મૂર્તિ કઈ ગુફામાં આવેલી છે?
(A) ઈલોરા (B) એલિફન્ટા
(C) અજન્તા (D) મહાબલિપુરમ્

**8.** કવિ તિરુવલ્લુવરનો પ્રખ્યાત ગ્રંથ ...
(A) મણિમેખલાઈ (B) શીલપ્પતિકારમ્
(C) કુરલ (D) તોલકાપ્પિયમ્

**9.** શાસ્ત્રોમાં સૌથી પ્રાચીન શાસ્ત્ર કયું છે?
(A) ખગોળ શાસ્ત્ર (B) વૈદક શાસ્ત્ર
(C) વાસ્તુ શાસ્ત્ર (D) ગણિત શાસ્ત્ર

**10.** ''લીલાવતી ગણિત'' ગ્રંથ કોણે લખ્યો હતો?
(A) વાગ્ભટ્ટે (B) આર્યભટ્ટે
(C) બૌદ્ધાયનને (D) ભાસ્કરાચાર્યે

**11.** કોનું શિલ્પ કલાની દષ્ટિએ આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવે છે?
(A) બ્રહ્માનું (B) નટરાજનું
(C) ગણપતિનું (D) વિષ્ણુનું

**12.** ગણિત શાસ્ત્રના પિતા કોને કહેવામાં આવે છે?
(A) ચરક (B) બ્રહ્મગુપ્ત
(C) આર્યભટ્ટ (D) ભાસ્કરાચાર્ય

**13.** વિજ્ઞાન એટલે ....
(A) વ્યવસ્થિત જ્ઞાન (B) વિશેષ જ્ઞાન
(C) સમૃદ્ધ જ્ઞાન (D) વ્યવહાર જ્ઞાન

**14.** પ્રવાસન ઉદ્યોગથી રાજ્યને કયો લાભ થાય છે?
(A) રાજકીય (B) સાંસ્કૃતિક
(C) આર્થિક (D) સામાજિક

**15.** કયા રાજ્યમાં 'સરના' અને 'જહેડા' ઉપવનો સમાજની માલિકીના છે?

(A) ઝારખંડ (B) બિહાર

(C) ઓરિસ્સા (D) ઉત્તરપ્રદેશ

**16.** નવી દિલ્હીમાં આપણા કયા વારસાનું પ્રદર્શન કરતું સંગ્રહાલય છે?

(A) રેલ્વે (B) ઉદ્યોગ

(C) ખગોળ (D) વિજ્ઞાન

**17.** કોણાર્કનું સૂર્યમંદિર કયા રાજ્યમાં આવેલું છે?

(A) ઓરિસ્સા (B) આંધ્રપ્રદેશ

(C) ઝારખંડ (D) છત્તીસગઢ

**18.** રાષ્ટ્રિય સ્મારકોની સારસંભાળ કયા ખાતાને સોંપવામાં આવી છે?

(A) નાણાં (B) શિક્ષણ

(C) પુરાતત્ત્વ (D) જમીન-સંરક્ષણ

**19.** સંસાધનોના આયોજનથી શું પ્રદૂષણ મુક્ત રહે છે?

(A) આબોહવા (B) ખનિજો

(C) જંગલો (D) પર્યાવરણ

**20.** ખનિજો કયા પ્રકારના સંસાધનો છે?

(A) રેગોલિથ (B) અનવીનીકરણીય

(C) માનવ સર્જિત (D) નવીનીકરણીય

**21.** રેગોલિથમાં ફક્ત શું હોય છે?

(A) માટીકણો (B) ખનિજ દ્રવ્ય

(C) કાંકરા (D) રેતી

**22.** કયા ભાગને 'નેશનલ મરીન પાર્ક' તરીકે જાહેર કરવામાં આવ્યો છે?

(A) મનારનો અખાત (B) ખંભાતનો અખાત

(C) કચ્છનો અખાત (D) બંગાળાની ખાડી

**23.** વિક્રમચરિતમાં વૃક્ષોને કોની સમાન ગણવામાં આવ્યાં છે?

(A) રાજા (B) સંતપુરુષ

(C) દેવ (D) ભગવાન

**24.** કયા ઝાડમાંથી ટોપલા, કાગળ, ટોપલી અને રેયોન બનાવી શકાય છે?

(A) ટીમરૂ (B) દેવદાર

(C) વાંસ (D) સાગ

**25.** હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં કયાં ફળ વિશેષ થાય છે?

(A) સફરજન (B) કેળા

(C) દ્રાક્ષ (D) સંતરાં

**26.** પૃથ્વી પર જળ સંસાધનનો મુખ્ય સ્ત્રોત કયો?

(A) નહેર (B) વૃષ્ટિ

(C) તળાવ (D) કૂવા

**27.** દક્ષિણ અને પૂર્વનાં રાજ્યોમાં સિંચાઈ શેના દ્વારા વધારે થાય છે?

(A) તળાવો (B) વરસાદ

(C) ટ્યુબવેલ (D) નહેર

**28.** હિરાકુંડ યોજના કઈ નદી પર બનાવવામાં આવી છે?

(A) ચંબલ (B) કૃષ્ણા

(C) મહા (D) ગોદાવરી

**29.** આધુનિક યુગનું બીજું નામ કયું છે?

(A) સત્યયુગ (B) અણુયુગ

(C) કળિયુગ (D) ખનિજયુગ

**30.** કયા ખનિજના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે?

(A) તાંબુ (B) લોખંડ

(C) અબરખ (D) એલ્યુમિનિયમ

**31.** સોલર બેટરીથી ચાલતા વાહનો કયા શહેરમાં વપરાય છે?

(A) દિલ્હી (B) ચેન્નાઈ

(C) કોલકાત્તા (D) મુંબઈ

**32.** બાયોગેસ મેળવી લીધા પછી વધેલા કચરામાંથી શું બને છે?

(A) પથ્થર (B) ખાતર

(C) પ્લાસ્ટિક (D) માટી

**33.** કયા સ્થળે તાપવિદ્યુત મથક સાથે જળવિદ્યુત મથક પણ આવેલું છે?
(A) ધુવારણ (B) ઉતરાણ
(C) ઊકાઈ (D) સાબરમતી

**34.** સૌથી મોટું વિન્ડફાર્મ ગુચ્છ ભારતમાં કયા રાજ્યમાં છે?
(A) તમિલનાડુ (B) ગુજરાત
(C) કર્ણાટક (D) મહારાષ્ટ્ર

**35.** લોખંડ અને પોલાદ કયા પ્રકારનો ઉદ્યોગ છે?
(A) સરકારી (B) કૃષિ આધારિત
(C) ભારે (D) હલકો

**36.** ભારતનો પ્રથમ રેલમાર્ગ મુંબઈ અને કયા શહેર વચ્ચે શરૂ થયો હતો?
(A) બાન્દ્રા (B) થાણા
(C) પૂના (D) કલ્યાણ

**37.** વિકાસશીલ દેશોમાં કુલ વસ્તીના કેટલા ટકા લોકો ગરીબ છે?
(A) 20 (B) 40
(C) 30 (D) 50

**38.** અન્ન, વસ્ત્ર અને રહેઠાણની જરૂરિયાતોને કેવી જરૂરિયાતો કહે છે?
(A) મોજશોખની જરૂરિયાતો (B) સુખ સગવડની જરૂરિયાતો
(C) પ્રાથમિક જરૂરિયાતો (D) કાર્યક્ષમતા જરૂરિયાતો

**39.** આર્થિક સુધારાનો યુગ ભારતમાં ક્યારથી શરૂ થયો?
(A) 1991 (B) 2001
(C) 1951 (D) 1981

**40.** પ્રદૂષણ ફેલાતું અટકે તે માટે બળતણ તરીકે શાનો ઉપયોગ થાય છે?
(A) ડીઝલ (B) કેરોસીન
(C) પેટ્રોલ (D) પ્રાકૃતિક વાયુ (C.N.G.)

**41.** દેશભરમાં કેટલા I.T.I. કેન્દ્રો કાર્યરત છે?
(A) 720 (B) 890
(C) 4300 (D) 4600

**42.** બેકાર વ્યક્તિઓની નોંધણી કરવાનું કાર્ય કઈ સંસ્થા કરે છે?
(A) મામલતદાર કચેરી
(B) રોજગાર વિનિમય કચેરી
(C) જિલ્લા પંચાયત કચેરી
(D) કલેક્ટર કચેરી

**43.** 'મહિલા સશક્તિકરણની નીતિ' ભારત સરકારે કયા વર્ષમાં અમલમાં મૂકી?
(A) 1990
(B) 2001
(C) 1992
(D) 2002

**44.** ભારતમાં દર એક લાખ વ્યક્તિએ ડૉક્ટરનું પ્રમાણ કેટલું છે?
(A) 61
(B) 25
(C) 51
(D) 15

**45.** ભારતના કયા રાજ્યમાં બળવાખોરી નથી ચાલતી?
(A) આસામ
(B) છત્તીસગઢ
(C) નાગાલેન્ડ
(D) ગુજરાત

**46.** ક્રાન્તિકારીઓનો મુખ્ય હેતુ ....
(A) ભારતને આઝાદ કરવાનો હતો.
(B) અંગ્રેજ શાસનના વિરોધી ન હતા.
(C) ધાર્મિક કટ્ટરવાદી હતા.
(D) અંગ્રેજ લોકોના વિરોધી હતા.

**47.** નાગરિકતાનું અનિવાર્ય લક્ષણ કયું છે?
(A) મિલકતો
(B) અધિકારો
(C) ફરજો
(D) સાક્ષરતા

**48.** શ્રમનું સસ્તામાં સસ્તું સાધન કયું છે?
(A) વૃદ્ધો
(B) પુરુષો
(C) બાળકો
(D) સ્ત્રીઓ

**49.** સરકારે 'કેન્દ્રિય લાંચરુશવત વિરોધી બ્યૂરો' ની સ્થાપના ક્યારે કરી છે?
(A) 1981
(B) 1964
(C) 1999
(D) 1951

**50.** એશિયામાં સૌથી ઓછો ભ્રષ્ટાચાર કયા દેશમાં થાય છે?
(A) સિંગાપુર
(B) ઈંગ્લેન્ડ
(C) અમેરિકા
(D) ભારત

# N-10(G)

(MARCH, 2011)

## PART - B

*Time : 2 Hours]* **[Maximum Marks : 50**

**સૂચનાઓ :-**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ ચાર ભાગ છે અને **18** પ્રશ્નો છે.
(2) **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.
(3) પ્રશ્ન-**18** નકશાપૂર્તિનો છે. તેમાં ફકત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.
(4) નવો વિભાગ નવા પાનેથી લખવો.

## SECTION - A

● નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **1** થી **5** સરખા ગુણના છે. દરેકના **2** ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.

**1.** આપણો દેશ કલાઓથી સમૃદ્ધ છે. એમ શાથી કહી શકાય? **2**

**2.** મોતી અને મીનાકારી વિશે માહિતી આપો. **2**

**અથવા**

**2.** તાજમહેલ વિશ્વની સાત અજાયબીઓ પૈકીનું એક છે. શાથી?

**3.** વન્યજીવોની રક્ષા કરવી એ આપણી નૈતિક ફરજ છે. શાથી? **2**

**4.** પર્યાવરણીય અવક્રમણ એટલે શું? **2**

**5.** કાળું નાણું ભાવવૃદ્ધિ માટે જવાબદાર પરિબળ છે. શાથી? **2**

## SECTION - B

● નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **6** થી **10** સરખા ગુણના છે. દરેકના **2** ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.

**6.** બજાર પદ્ધતિના લક્ષણો જણાવો. **2**

**7.** વિશ્વ વ્યાપાર સંગઠનના ધ્યેયો જણાવો. **2**

**8.** માનવ વિકાસમાં કયા પરિબળો મહત્ત્વના છે જણાવો. **2**

**9.** ભારતમાં વિવિધતામાં એકતા જોવા મળે છે. શાથી? **2**

**10.** અસામાજિક પ્રવૃત્તિઓનો ખ્યાલ આપો. **2**

**અથવા**

**10.** ભ્રષ્ટાચાર શબ્દને સમજાવો.

## SECTION - C

● નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **11** થી **15** ના ગુણ સરખા છે. દરેકના **3** ગુણ છે.
માગ્યા મુજબ ઉત્તર લખો.

**11.** ગુજરાતની સ્થાપત્ય કલાનો પરિચય આપો. **3**

**12.** હમ્પીનું વર્ણન કરો. **3**

**13.** ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગનું મહત્ત્વ સમજાવો. **3**

**અથવા**

**13.** ઔદ્યોગિક પ્રદૂષણો વિશે તમે શું જાણો છો?

**14.** ગરીબીના મૂળમાં નિરક્ષરતા છે. સમજાવો. **3**

**15.** ગ્રાહકનું શોષણ એટલે શું? ગ્રાહકના અધિકારો જણાવો. **3**

## SECTION - D

● નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **16** થી **18** ના સરખા ગુણ છે. દરેકના **5** ગુણ છે.
માગ્યા મુજબ ઉત્તર લખો.

**16.** ભારતીય ભાષાઓનો ખ્યાલ આપો. **5**

**અથવા**

**16.** મહાકાવ્યો તરીકે રામાયણ અને મહાભારતનો પરિચય આપો.

**17.** ભારતમાં કૃષિ ક્ષેત્રે પૂરતો વિકાસ થયો નથી. શાથી? ભારતની કૃષિ પેદાશો જણાવો. **5**

**18.** તમને આપેલા ભારતના નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવો. **5**

(1) મગફળી ઉત્પન્ન કરતો એક પ્રદેશ.

(2) 60.01 ટકાથી વધુ સિંચાઈ ક્ષેત્ર જણાવો.

(3) સીસુ ઉત્પન્ન કરતો એક પ્રદેશ.

(4) ઊની કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર જણાવો.

(5) સુવર્ણ ચતુર્ભુજ માર્ગ દર્શાવો.

**ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે :**

**18.** નકશાપૂર્તિને બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. **5**

(1) મગફળી ઉત્પન્ન કરતા એક પ્રદેશનું નામ આપો.

(2) 60.01% થી વધુ સિંચાઈ ક્ષેત્ર ધરાવતું એક રાજ્ય જણાવો.

(3) સીસુ ઉત્પન્ન કરતા એક પ્રદેશનું નામ આપો.

(4) ઊની કાપડ ઉદ્યોગના એક કેન્દ્રનું નામ આમો.

(5) સુવર્ણ ચતુર્ભુજ માર્ગ કયા શહેરોને જોડે છે?